# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ સામાન્ય, વ્યવસાયલક્ષી અને ઉ.ઉ.બુ પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2020 માં જે વિદ્યાર્થીઓ એક વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક વિષયમાં અનુત્તીર્ણ હોવાને કારણે ગુણ પત્રકમાં **(NEEDS IMPROVEMENT)** "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પરીક્ષાર્થીઓની શાળાવાર યાદી તૈયાર કરી શાળાઓને માર્ચ-2020ની પરીક્ષાના પરિણામ સાથે મોકલવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ એક વિષયની પરીક્ષામાં અનુત્તીર્ણ છે અને પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક હોય તેવા પરીક્ષાર્થીઓ વર્ષ-2020ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

આ પૂરક પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **hscgenpurakreg.gseb.org** પરથી **ONLINE** કરવાનું રહેશે. (આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. રૂબરૂ કે ટપાલ દ્વારા આવેદન સ્વીકારવાની પધ્ધતિ હવે પછીથી અમલમાં રહેશે નહી.)

પરીક્ષા માટેનું આવેદન તા:-03/૦૭/૨૦૨૦ ના રોજ બપોરે ૧૪:00 કલાકથી તા:-૧3/૦૭/૨૦૨૦ ના રોજ સાંજે ૧૭:00 કલાક સુધી ઓનલાઇન કરી શકાશે.

ખાસનોંધ:-

1. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-2020 માટે ઓનલાઇન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
2. **COVID-19** ની પરિસ્થિતિમાં જે વિદ્યાર્થીઓ શાળા પર જઇ આવેદન માટેની સંમતિ આપવા તથા ફી ભરવા જઇ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી સ્વયં ઓનલાઈન આવેદન કરીને નિયત ફી ભરી શકશે.
3. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સુચનાઓ તા:- 0૩/૦૭/૨૦૨૦ ના રોજ ઉપરોકત વેબસાઇટ પર મૂકવામાં આવશે.
4. એક વિષય માટેની પરીક્ષા ફી રૂ.૧૪૦/- રહેશે.

ઉપરોકત બાબતે શાળાના આચાર્યશ્રી/વાલીઓ/વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

(ડૉ.અવનીબા મોરી)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તા:- 0૨/૦૭/૨૦૨૦
સ્થળ - ગાંધીનગર